001. ડાકોર ખાતે આવેલ જગપ્રસિદ્ધ રણછોડરાયજીનું મંદિર બંધાવનાર પરિવારનું નામ જણાવો.

(A) દીવાન પરિવાર
(B) અચરતલાલ ગીરધરલાલ પરિવાર
(C) તાંબ્વેકર પરિવાર
(D) કૃષ્ણશંકર મુળચંદ પરીખ પરિવાર

002. 1922માં અમદાવાદના શાહીબાગ ખાતેના સરકારી સર્કીટ હાઉસમાં ગાંધીજી પર રાજદ્રોહના આરોપસર મુકદ્દમો ચલાવવામાં આવ્યો. આ મુકદ્દમો કયા જજ સમક્ષ ચલાવવામાં આવ્યો હતો?

(A) મિ. સી. એન. બ્રુમફિલ્ડ
(B) સર એ. ઝેડ. વિલ્ફ્રેડ
(C) મિ. વાય. એન. થોમસ કુક
(D) સર થોમસ આર્મસ્ટ્રોંગ

003. જામનગરની આસપાસના ખલાસીઓના સાહસો અને તેમની વહાણવટાની કલા તથા વ્યાપારવીરોની યશગાથા દર્શાવતા સુપ્રસિદ્ધ ગ્રંથ 'દરિયાલાલ' ના લેખકનું નામ જણાવો.

(A) ઉમાશંકર જોશી
(B) રમણભાઈ નીલકંઠ
(C) રણજિતરામ મહેતા
(D) ગુણવંત આચાર્ય

004. અગાઉ અહમદનગર તરીકે ઓળખાતા શહેરનું નામ કયા રાજાએ પોતાના વારસદારના નામ સાથે જોડી 'હિંમતનગર' રાખ્યું?

(A) રાજા જયસિંહજી
(B) રાજા દેવેન્દ્રસિંહજી
(C) રાજા કૌશલસિંહજી
(D) રાજા પ્રતાપસિંહજી

005. પ્રસિદ્ધ સોમનાથના મંદિરનો ધ્વંસ કરવા આવેલ મોગલ સૈન્યનો પ્રતિકાર કરી કયા રાજવી અગ્રણીએ મંદિરનું રક્ષણ કરતાં કરતાં વીરમૃત્યુ વહોર્યુ હતું?

(A) વલ્લભ ભરવાડ
(B) હમીરજી ગોહિલ
(C) મુળરાજ ઘેવર
(D) મહિપાલ ગોહિલ

006. G2, GG11 એ સંકર જાત ક્યા તેલીબિયાની છે?

(A) મગફળી
(B) સોયાબીન
(C) સૂર્યમુખી
(D) કપાસિયા

007. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તાજેતરમાં કેટલામાં વનમહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો?

(A) 71મો વનમહોત્સવ
(B) 70મો વનમહોત્સવ
(C) 68મો વનમહોત્સવ
(D) 73મો વનમહોત્સવ



Scanned by CamScanner

008. બે ટ્રેઈનની લંબાઈ 185મી. અને 215 મી. છે. તેઓની ઝડપ અનુક્રમે 50 કિ.મી./કલાક અને 40 કિ.મી./કલાક છે. બન્ને ટ્રેન એકબીજા સામે સમાંતર લાઈન પર આવી રહી છે. તો કેટલા સમયમાં એકબીજાને પસાર કરશે?

(A) 12 સેકન્ડ
(B) 15 સેકન્ડ
(C) 16 સેકન્ડ
(D) 1 મીનિટ

009. 1 વર્ષ = 365.25 દિવસ મુજબ (આશરે) .................. સેકન્ડ થાય.

(A) $3.056 \times 10^6$
(B) $3.556 \times 10^8$
(C) $3.665 \times 10^5$
(D) $3.156 \times 10^7$

010. ગુજરાત સરકાર દ્વારા ઓગસ્ટ-2019માં કઈ યુનિવર્સિટી (દેશની સૌ પ્રથમ) માટે જમીન ફાળવવામાં આવી?

(A) એન્વાયરમેન્ટ યુનિવર્સિટી
(B) કોમ્પ્યુટર યુનિવર્સિટી
(C) સ્પેસ યુનિવર્સિટી
(D) રેલ યુનિવર્સિટી

011. નીચે જણાવેલ શબ્દોમાંથી કયો શબ્દ 'દહન' શબ્દનો સમાનાર્થી શબ્દ નથી?

(A) ચિત્રો
(B) પરાકાષ્ટા
(C) ગૂગળ
(D) કબૂતર

012. નીચે આપેલ શબ્દનો સમાસ ઓળખાવો.
પાણીકળો

(A) ઉપપદ
(B) કર્મધારય
(C) બુહવ્રીહિ
(D) અવ્યવીભાવ

013. નીચે આપેલ વાક્યનું યોગ્ય પ્રેરકવાક્ય જણાવો.
ગજરાજ નશાથી ચક્ચૂર બન્યો હતો.

(A) મહાવતથી ગજરાજથી નશાથી ચક્ચૂર છે.
(B) મહાવતે ગજરાજને નશાથી ચક્ચૂર બનાવ્યો હતો.
(C) ગજરાજને નશાથી ચક્ચૂર બનાવે છે.
(D) ગજરાજને નશાથી ચક્ચૂર બનાવશે.

014. નીચે આપેલ શબ્દનો સાચો વિરોધી શબ્દ વિકલ્પમાંથી શોધો.
વિધિ

(A) નિર્વિધ
(B) નિષેધ
(C) નિર્વર
(D) નિષ્પાહ



Scanned by CamScanner

015. નીચે આપેલ વાક્યનો યોગ્ય ભાવે પ્રયોગ જણાવો.
હીના સેવા કરે છે.

(A) હીનાથી સેવા કરાય છે.
(B) હીનાથી સેવા કરાઈ.
(C) હીનાથી સેવા કરાશે.
(D) હીનાથી સેવા કરાય?

016. ભારતીય સંવિધાનના આર્ટિકલ-7 મુજબ કઈ તારીખ પછી ભારતના રાજ્યક્ષેત્રમાંથી અત્યારે પાકિસ્તાનમાં સમાવિષ્ટ રાજ્યક્ષેત્રમાં સ્થળાંતર કરી ગયેલી વ્યક્તિ ભારતની નાગરિક ગણાશે નહીં એ પ્રકારનો ઉલ્લેખ કરવામાં આવેલ છે?

(A) 1 જાન્યુઆરી, 1948
(B) 1 માર્ચ, 1947
(C) 26 જાન્યુઆરી, 1950
(D) 15 ઓગસ્ટ, 1947

017. ભારતનું બંધારણ ક્યા દિવસે મંજૂર કરવામાં આવ્યું?

(A) 14-03-1949
(B) 26-01-1950
(C) 26-11-1949
(D) 15-08-1950

018. કેન્દ્રિય જાહેર સેવા આયોગ (UPSC) પોતાનો વાર્ષિક અહેવાલ કોને સુપરત કરે છે?

(A) લોકસભાના અધ્યક્ષને
(B) નાણાપંચના અધ્યક્ષને
(C) રાષ્ટ્રપતિને
(D) વડાપ્રધાનને

019. કેન્દ્ર સરકારમાં પબ્લિક એકાઉન્ટ્સ કમિટિના ચેરમેનની નિમણૂંક કોના દ્વારા કરવામાં આવે છે?

(A) વડાપ્રધાન
(B) કેન્દ્રિય કેબીનેટ
(C) લોકસભાના સ્પીકર
(D) સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયમુર્તિ

020. "રાજ્યસભાની ચૂંટણી લડવા માટે ઉમેદવાર જે રાજ્યનો મતદાર હોય તે જ રાજ્યમાંથી ઉમેદવારી કરી શકશે." આ જોગવાઇ કેન્દ્ર સરકાર દ્વારા કયા વર્ષમાં નાબુદ કરવામાં આવી?

(A) 2003
(B) 2001
(C) 2004
(D) 2002

021. Fill in the blank:
..................... Ranchhod Pitamber is suspected by the police.

(A) A
(B) An
(C) The
(D) No article required



Scanned by CamScanner

022. Fill in the blank:

A black and white cow ..................... grazing in the field now.

(A) is
(B) are
(C) was
(D) were

023. Fill in the blank:

He showed ..................... mercy to the vanquished and killed them.

(A) a little
(B) the little
(C) little
(D) a few

024. Fill in the blank:

The jury ................. divided in their opinions in the last meeting.

(A) is
(B) are
(C) was
(D) were

025. Fill in the blank:

He has few grey ........................ in his beard.

(A) hair
(B) haire
(C) hairs
(D) hare

026. લંબચોરસની લંબાઈમાં 20% વધારો અને પહોળાઈમાં $x$ % વધારો કરતા ક્ષેત્રફળમાં 50% નો વધારો થાય તો $x$ % ..................... .

(A) 50%
(B) 20%
(C) 25%
(D) 40%

027. કેટલા મોલ ઇલેક્ટ્રોનનું દળ 1 કિલોગ્રામ થાય?

(A) $6.023 \times 10^{23}$
(B) $\frac{1}{9.108} \times 10^{31}$
(C) $\frac{6.023}{9.108} \times 10^{54}$
(D) $\frac{1}{9.108 \times 6.023} \times 10^{8}$


028. તાજેતરમાં પદનામિત થયેલ ઈન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમીના અધ્યક્ષનું નામ જણાવો.

(A) રૂપા ગાંગુલી
(B) ચંદ્રિમા શાહા
(C) અનુપમા નિરંજન
(D) સુધા મુર્તિ



Scanned by CamScanner

029. A, B, C, D પ્રશ્ન આકૃતિઓ આપેલ છે. જે કોઈ ખાસ ગુણધર્મથી ક્રમિક બદલાય છે. બાજુમાં આપેલ 1, 2, 3, 4 જવાબ આકૃતિઓમાંથી કઈ આકૃતિ તે ગુણધર્મ જાળવી રાખે છે તે જણાવો.




(A) 1
(B) 2
(C) 3
(D) 4

030. નીચેનામાંથી ક્યા પ્રાણીનું હૃદય તેર (13) ખંડોનું બનેલું હોય છે?
(A) વંદો
(B) અળસિયું
(C) દેડકો
(D) મગર

031. ભારતમાં "સુપર કમ્પ્યૂટરના પિતા" તરીકે કોણ જાણીતું છે?
(A) સામ પિત્રોડા
(B) નંદન-નિલેકણી
(C) નારાયણ મૂર્તિ
(D) વિજય ભાટકર

032. MS Word માં Change Case ના આઈકોન ઉપર ક્યું લખાણ જોવા મળે છે?
(A) Aa
(B) Bb
(C) Cc
(D) Dd

033. નીચેનામાંથી કયો વિકલ્પ RAM નો પ્રકાર દર્શાવે છે?
(A) SRAM, ERAM
(B) URAM, DRAM
(C) SRAM, PRAM
(D) SRAM, DRAM

034. MS Excel ના કોઈ સેલમાં રહેલાં અક્ષરોની સંખ્યા ગણવા માટે કયા વિધેયનો ઉપયોગ કરવામાં આવે છે?
(A) LT( )
(B) LEN ( )
(C) CT ( )
(D) COUNT ( )

035. કમ્પ્યૂટરના મેમરી એકમને દર્શાવતો સાચો ઊતરતો ક્રમ કયો છે?
(A) KB, MB, GB, TB
(B) MB, KB, GB, TB
(C) TB, GB, MB, KB
(D) TB, GB, KB, MB



Scanned by CamScanner

GovtBharti.info
Get Your JOB

- ✓ શું તમે પરિક્ષા પાસ કરવા માગો છો ?
- ✓ શું પરીક્ષાની સંપૂર્ણ માહિતી મેળવવા માગો છો?
- ✓ શું જુના પેપર અને મટીરીયલ મેળવવા માગો છો?
- ✓ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી તમામ PDF બુક્સ
- ✓ ગુજરાત રાજ્ય માહીતી વિભાગ દ્વારા પ્રસિદ્ધ થતી માસિક/સાપ્તાહિક/પાક્ષિક પુસ્તકો

તો આજે જ જોડાઓ અમારી સાથે...

અમારી ટેલીગ્રામ ચેનલમાં જોડાવવા માટે અહીં ક્લિક કરો.
@govtbharti_info
Join us on Telegram

અમારી ટેલીગ્રામ ચેનલમાં જોડાવવા માટે અહીં ક્લિક કરો.
@MPHWFHWSI
Join us on Telegram

GovtBharti.info
Get Your JOB
Visit Website

Follow us on Instagram
Find us on: facebook
Follow us on twitter

તમામ માહિતી તમારા મોબાઈલ પર મેળવવા તમારું નામ લખીને 9429213312 પર Whatsapp મેસેજ કરો.

036. કેન્દ્ર સરકારની "અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ કલ્યાણ સમિતિ" ના ચેરમેનનું નામ જણાવો.

(A) ડૉ. રામશંકર કથિરીયા
(B) ડૉ. કિરીટ સોલંકી
(C) ડૉ. વાય. એસ. ચૌધરી
(D) ડૉ. માયાશંકર પાસવાન

037. 'અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવે છે અને કોઈ પણ સ્વરૂપમાં તેના આચરણની મનાઈ કરવામાં આવે છે.' ભારતીય સંવિધાનના કયા આર્ટિકલ અંતર્ગત આ જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) આર્ટિકલ-17
(B) આર્ટિકલ-15
(C) આર્ટિકલ-22
(D) આર્ટિકલ-19

038. ભારતના ક્યા રાજ્યો વિધાનપરિષદ ધરાવે છે?

(A) તેલંગણા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, કેરળ, બિહાર
(B) મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, બિહાર, કેરળ, આસામ, મધ્યપ્રદેશ
(C) મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, બિહાર, ઉત્તર પ્રદેશ, કર્ણાટક
(D) ઉત્તર પ્રદેશ, તેલંગણા, બિહાર, આંધ્ર પ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર

039. ગુજરાતમાં સૌપ્રથમ નાગરિક અધિકાર નિયમ (RTI Act) ક્યારથી અમલમાં આવ્યો?

(A) 2005
(B) 2007
(C) 2009
(D) 2010

040. 'ભારતના એક નિયંત્રક-મહાલેખા પરીક્ષક રહેશે' આ જોગવાઈ ભારતીય સંવિધાનના કયા આર્ટિકલમાં કરવામાં આવેલ છે?

(A) આર્ટિકલ-148
(B) આર્ટિકલ-145
(C) આર્ટિકલ-151
(D) આર્ટિકલ-143

041. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| (a) માધવ (માધા) વાવ | (1) કચ્છ જિલ્લો |
| (b) રોહા ફોર્ટ | (2) જુનાગઢ જિલ્લો |
| (c) આનંદ આશ્રમ બિલખા | (3) સુરેન્દ્રનગર જિલ્લો |
| (d) રૂઠી રાણીનો મહેલ | (4) સાબરકાંઠા જિલ્લો |

(A) a-3, b-1, d-2, c-4
(B) c-2, d-4, a-3, b-1
(C) d-4, c-1, a-3, b-2
(D) b-3, c-2, d-4, a-1



Scanned by CamScanner

042. ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતના ધરોહર સમાન પ્રસિદ્ધ ગુજરાતી કવિ, લેખક દુલા ભાયા કાગનું જન્મસ્થળ જણાવો.

(A) મજાદર
(B) કડિયાળી
(C) મોરંગી
(D) રાજપારડા

043. બ્રિટીશ શાસન નીચે મુંબઈ ઈલાકામાં 18 જિલ્લા હતા તે પૈકી પાંચ ગુજરાતના હતા. આ જિલ્લાઓના નામ જણાવો.

(A) અમદાવાદ, ભરૂચ, ખેડા, પંચમહાલ, સુરત
(B) સુરત, ડાંગ, પંચમહાલ, અમરેલી, અમદાવાદ
(C) ખેડા, કચ્છ, સુરત, અમદાવાદ, વડોદરા
(D) પંચમહાલ, જૂનાગઢ, અમદાવાદ, સુરત, મહેસાણા

044. સિદ્ધપુર સ્થિત બિંદુ સરોવરમાં સ્નાન કરીને આ મહાનુભાવે માતાનું શ્રાદ્ધ કર્યું હતું. આ લોકમાન્યતાને કારણે લોકો માતૃશ્રાદ્ધ કરવા સિદ્ધપુર જાય છે.

(A) ભગવાન પરશુરામ
(B) મુની દુર્વાસા
(C) દયાનંદ સરસ્વતી
(D) સિદ્ધરાજ જયસિંહ

045. 1909માં અમદાવાદની મહેમાનગતી માણી રહેલા લોર્ડ અને લેડી મિન્ટોની શહેરસવારી ઉપર બોમ્બ ઝીંકવામાં આવ્યો હતો. આ બનાવના અગ્રેસર કોણ હતા?

(A) ધનશંકર નાયક
(B) મોહનલાલ પંડ્યા
(C) રત્નપ્રકાશ શાસ્ત્રી
(D) શંકરલાલ બેંકર

046. તાજેતરમાં ભારતની કઈ યોજના અંતર્ગત સોમનાથના ડેવલપમેન્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા નાણાંકીય સહાય આપવાનો નિર્ણય કર્યો છે?

(A) પ્રસાદ
(B) અનુષ્ઠાન
(C) પંચામૃત
(D) નૈવેદ્ય

047. આપેલ શ્રેણીમાં 320 એ કેટલામું પદ હશે તે જણાવો.

5, 8, 11, 14, ............, 320

(A) 104 મુ
(B) 105 મુ
(C) 106 મુ
(D) 64 મુ

048. 1 વાતાવરણ દબાણ = .............. પાસ્કલ (Pa) (આશરે)

(A) $10.1 \times 10^5$
(B) $1.01 \times 10^6$
(C) $1.01 \times 10^5$
(D) $100.01 \times 10^{-6}$



Scanned by CamScanner

049. ભારતના રાષ્ટ્રપતિના વરદ્દહસ્તે તાજેતરમાં ગુજરાતના ખેલાડી હરમીત દેસાઇને કયા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા?

(A) દ્રોણાચાર્ય એવોર્ડ
(B) ભારત રત્ન એવોર્ડ
(C) ધ્યાનચંદ એવોર્ડ
(D) અર્જુન એવોર્ડ

050. 1 થી 10 સુધીના અંકો વડે નિઃશેષ ભાગી શકાય તેવી નાનામાં નાની સંખ્યા કઈ છે?

(A) 2040
(B) 2520
(C) 2650
(D) 2620

051. રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.
ઓસાણ ન રહેવું

(A) યાદ ન રહેવું
(B) સરળ ન હોવું
(C) સ્મૃતિ હોવી
(D) ઇચ્છા થવી

052. નીચે આપેલ તળપદા શબ્દનું શિષ્ટ રૂપ વિકલ્પમાંથી શોધો.
હરવર

(A) બેધ્યાન
(B) ચંચળ
(C) લક્ષ
(D) હરહંમેશ

053. સંધિ છોડો.
નિર્ણય

(A) નિસ + ણય
(B) નિસ્ + નય
(C) નિસ્ + ણય
(D) નિસ્ + અનય

054. નીચેનામાંથી કયું ઉદાહરણ શિખરિણી છંદનું નથી?

(A) અટંક મરજીવિયા ડગ ભરંત ઉત્સાહના
(B) વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ
(C) પિતા છે એકાકી જડ અકલને ચેતનતણો
(D) કદી મારી પાસે વનવન તણાં હોત કુસુમો

055. સાચી જોડણી શોધો.

(A) વિક્ષીપ્ત
(B) વીક્ષિપ્ત
(C) વિક્ષિપ્ત
(D) વિક્ષપ્તિ



Scanned by CamScanner

056. પછાત વર્ગો માટેનું પ્રથમ આયોગ કોની અધ્યક્ષતામાં રચવામાં આવ્યું હતું?

(A) કાકાસાહેબ કાલેલકર
(B) ગોપાલ બાબા વલંગકર
(C) ડૉ. બી.આર. આંબેડકર
(D) બી. શ્યામસુંદર

057. અમુક સંજોગોમાં બન્ને ગૃહ (લોકસભા અને રાજ્યસભા) ની સંયુક્ત બેઠક બોલાવવાની જરૂરિયાત ઉભી થાય છે. આ અંગે કઈ બાબત સત્ય નથી?

(A) એક ગૃહે કોઈ વિધેયક પસાર કરીને બીજા ગૃહને મોકલી આપ્યા પછી તે વિધેયકમાં કરવાના સુધારા વીશે ગૃહો છેવટે સહમત ન થાય ત્યારે
(B) એક ગૃહે મંજૂર કરેલ વિધેયક બીજા ગૃહને મળે તે તારીખથી છ મહિના કરતા વધુ સમય સુધી તે ગૃહમાં પસાર થયા વિના પડ્યું રહે ત્યારે
(C) રાષ્ટ્રપતિ બંધારણમાં સુધારા બાબતનું વિધેયક પરત મોકલે ત્યારે
(D) કોઈ એક વિધેયકને બીજુ ગૃહ નામંજૂર કરે ત્યારે

058. કારખાના વગેરેમાં બાળકોને નોકરીએ રાખવાના પ્રતિબંધ અંગેની જોગવાઈ ભારતીય સંવિધાનના કયા આર્ટિકલમાં કરવામાં આવેલ છે?

(A) આર્ટિકલ-27
(B) આર્ટિકલ-29
(C) આર્ટિકલ-23
(D) આર્ટિકલ-24

059. ભારતમાં સૌપ્રથમ વખત સર્વોચ્ચ ન્યાયાલયની શરૂઆત ક્યારે કરવામાં આવી?

(A) 02-10-1950
(B) 31-10-1950
(C) 28-01-1950
(D) 14-11-1950

060. ભારતના વર્તમાન સોલીસીટર જનરલનું નામ જણાવો.

(A) હરીષ સાલ્વે
(B) તુષાર મહેતા
(C) ગોપાલ સુબ્રમણ્યમ
(D) અશોક દેસાઈ

061. Fill in the blank:

There is no Hindu ...................... knows the story of the Ramayana.

(A) who
(B) which
(C) but
(D) that

062. Fill in the blank:

Go back ............. you came.

(A) where
(B) when
(C) whence
(D) whither



Scanned by CamScanner

063. Fill in the blank:

Rama, and not you, .................. won the prize.

(A) have
(B) has
(C) didn't
(D) will

064. Fill in the blank:

I, who .................... your friend, will guard your interests.

(A) are
(B) am
(C) was
(D) has

065. Give synonym of:

'Barbarous'

(A) Barber
(B) Savage
(C) Labourous
(D) Ambitious

066. એક ધાતુના ઑક્સાઇડનું અણુસૂત્ર MO છે, તો તે ધાતુના ફૉસ્ફેટ સંયોજનનું અણુસૂત્ર .............. થાય.

(A) $M_2(PO_4)_2$
(B) $M(PO_4)$
(C) $M_2PO_4$
(D) $M_3(PO_4)_2$

067. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ભારતના 73મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ક્યા સ્થળે કરવામાં આવી?

(A) નવસારી
(B) છોટાઉદેપુર
(C) ડાંગ
(D) નર્મદા

068. જો $2^x = 3^y = \frac{1}{6^z}$ હોય, તો $\frac{1}{x} + \frac{1}{y} + \frac{1}{z}$ = ......................

(A) 1
(B) 2
(C) 3
(D) 0

069. લોહીની નળીઓમાં ક્યા રસાયણને કારણે લોહી ગંઠાતુ અટકે છે?

(A) સ્ટ્રેપ્ટોકાયનેઝ
(B) સાયક્લોક સ્પોરિન
(C) સ્ટેરિન્સ
(D) ઈન્સ્યૂલિન



Scanned by CamScanner

070. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં નિમાયેલ 'ગુજરાત રાજ્ય યોગ બોર્ડ' ના અધ્યક્ષનું નામ જણાવો.

(A) ભાનુકુમાર ચૌહાણ
(B) પ્રકાશભાઈ ટીપરે
(C) શીશપાલ રાજપુત
(D) ડૉ. ચંદ્રસિંહ ઝાલા

071. કમ્પ્યૂટરમાં જોવા મળતાં Arial, Verdana, Helvetica વગેરે ફોન્ટનો ક્યો પ્રકાર દર્શાવે છે?

(A) સેરિફ (Serif)
(B) સાન્સ સેરિફ (Sans Serif)
(C) સ્ક્રિપ્ટ સેરિફ (Script Serif)
(D) ટાઈપફેસ (Typeface)

072. MS PowerPoint માં કોઈ ચિત્ર/ક્લિપ આર્ટ પર ક્લિક કરતાં Resize હેઠળ તેની આજુબાજુમાં કુલ કેટલા સાઈઝીંગ હેન્ડલ જોવા મળે છે?

(A) 4
(B) 6
(C) 8
(D) 10

073. પૃથ્વીની આસપાસ પરિભ્રમણ કરતા ભૂસ્થિર ઉપગ્રહ વડે પ્રાપ્ત થતી ઈન્ટરનેટની સેવાને શું કહે છે?

(A) Internet online Satellite (IoS)
(B) Internet open Satellite (IoS)
(C) Internet over Satellite (IoS)
(D) Internet output Satellite (IoS)

074. MS Word માં લીટીની અંતમાં વધુ અક્ષરોને તોડીને નીચેની લીટીમાં દર્શાવવાની પ્રક્રિયાને શું કહે છે?

(A) Auto Break
(B) Word Break
(C) Text Wrapping
(D) Hyphenation

075. વેબપેજને અજોડ રીતે ઓળખવા માટે કોનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) Unique Resource Locator
(B) Ultra Resource Locator
(C) Unicode Resource Locator
(D) Uniform Resource Locator

076. સંઘ અને રાજ્યોનાં લોક સેવા આયોગની રચના અંગેની જોગવાઈ કરતો ભારતીય સંવિધાનનો આર્ટિકલ જણાવો.

(A) આર્ટિકલ-311
(B) આર્ટિકલ-317
(C) આર્ટિકલ-315
(D) આર્ટિકલ-322



Scanned by CamScanner

077. ભારતના એટર્ની જનરલ માટે કયું વિધાન સત્ય નથી?
(A) રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી હોદ્દો ધરાવશે.
(B) રાષ્ટ્રપતિ નક્કી કરશે તે જ મહેનતાણું મળશે.
(C) ભારતના રાજ્યક્ષેત્રમાંના તમામ ન્યાયાલયોમાં સુનાવણીનો હક રહેશે.
(D) જો મતદાન સમયે 'ટાઈ' પડે, તો માત્ર તેવા સંજોગોમાં પોતાના મતનો ઉપયોગ કરી શકશે.

078. ભારતમાં 'કીસાન ક્રેડીટ કાર્ડ' યોજના ક્યા વર્ષથી અમલમાં મૂકવામાં આવી?
(A) 1998
(B) 1993
(C) 1996
(D) 1999

079. કુમળી વયના બાળકોની સંભાળ અને છ વર્ષથી નીચેની વયના બાળકોને શિક્ષણ આપવાની જોગવાઈ ભારતીય સંવિધાનના ક્યા આર્ટિકલમાં કરવામાં આવેલ છે?
(A) આર્ટિકલ-49
(B) આર્ટિકલ-45
(C) આર્ટિકલ-47
(D) આર્ટિકલ-44

080. ભારતના બંધારણના મૂળભૂત હકોના ભાગને ક્યા નામે ઓળખવામાં આવે છે?
(A) ફન્ડારાઈટ્સ
(B) પ્રોરોઈન્ડ
(C) કોન્સ્ટી બેઝરૂલ
(D) મેગ્નાકાર્ટા

081. સુરતમાં 1850માં એલેક્ઝાન્ડર ફોર્બ્સની પ્રેરણાથી લાઈબ્રેરીની સ્થાપના થઈ. આ લાઈબ્રેરીનું નામ જણાવો.
(A) ફોર્બ્સ લાઈબ્રેરી
(B) કિન્લોક લાઈબ્રેરી
(C) પ્રેસ્બિટિરિયન લાઈબ્રેરી
(D) એન્ડ્રુસ લાઈબ્રેરી

082. મોગલ રાજવી મહંમદ શાહ ત્રીજાએ હરણોની જાળવણી માટેનો ઉદ્યાન બનાવ્યો હતો. આ સ્થળનું નામ જણાવો.
(A) નડિયાદ
(B) મહેમદાવાદ
(C) ખંભાત
(D) ઉત્તરસંડા

083. મોરબીના રાજવીએ તેમના ધર્મપત્નિ મણિબાઈની યાદગીરીમાં 'મણિમંદિર' ઈમારત બનાવી. આ રાજવીનું નામ જણાવો.
(A) જામ રાવળ
(B) વાઘજી ઠાકોર
(C) મહારાજા ભગવતસિંહજી
(D) જામ રણજિતસિંહ



Scanned by CamScanner

084. ગુજરાત વિદ્યાપીઠનું મકાન બાંધવા માટે રૂા. 10 લાખ એકત્રિત કરવા કોના દ્વારા ટહેલ નાંખવામાં આવી હતી?

(A) રવીશંકર વ્યાસ
(B) મોહનદાસ ગાંધી
(C) સરદાર પટેલ
(D) મહાદેવ દેસાઈ

085. સુરસિંહજી ગોહિલ 'કલાપી'ના વારસદાર સાહિત્યરસિક હતા અને તેઓ 'રાજહંસ' ઉપનામથી તેમના લેખો/કાવ્યો લખતા હતા. આ વારસદારનું નામ જણાવો.

(A) પ્રહલાદસિંહજી
(B) પ્રતાપસિંહજી
(C) દોલતસિંહજી
(D) બહાદુરસિંહજી

086. એક સમઘન કે જેની ધારની લંબાઈ 4 મીટર છે અને પાણીથી સંપૂર્ણ ભરેલો છે. તેને કોઈ નળાકાર કે જેના આડછેદનું ક્ષેત્રફળ 16 મીટર$^2$ છે. તો તેમાં ઠાલવતા નળાકારના કુલ કદના 75% ભાગ પાણીથી ભરાય છે. તો નળાકારની ઊંચાઈ કેટલી થાય?

(A) 3/4 મીટર
(B) 4/3 મીટર
(C) 16/3 મીટર
(D) 16 મીટર

087. સરળતાથી મિશ્ર થઈ જતાં બે કે તેથી વધુ પ્રવાહીના ઉત્કલનબિંદુ વચ્ચેનો તફાવત .................... કરતા ઓછો હોય, તો તેમના અલગીકરણ માટે વિભાગીય નિસ્યંદન પધ્ધતિ વપરાય છે.

(A) 25 K
(B) 27°C
(C) 273 K
(D) 25°C

088. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વનમહોત્સવ-2019 પ્રસંગે શરૂ કરાયેલ સાંસ્કૃતિક વનનું નામ જણાવો.

(A) જડેશ્વર વન
(B) શહિદ વન
(C) નાગેશ વન
(D) હરિહર વન

089. પરમાણ્વિય ત્રિજ્યા માટે શું સંગત નથી?

(A) આવર્તમાં ડાબી બાજુથી જમણી બાજુ તરફ જતાં ઘટે છે.
(B) સમૂહમાં ઉપરથી નીચે તરફ જતા વધે છે.
(C) તત્ત્વમાં મુખ્ય ક્વૉન્ટમ આંક વધે તેમ વધે છે.
(D) કેન્દ્રમાં ધન વીજભાર વધે તેમ વધે છે.



Scanned by CamScanner

090. જો ABCD માં A = 26, SUN = 27 હોય તો CAT = ..................

(A) 24
(B) 27
(C) 57
(D) 58

091. નીચે આપેલ સાદા વાક્યને જોડતાં યોગ્ય સંયોજકને વિકલ્પમાંથી શોધો.
સ્ત્રીનો કોઈ ચોટલો પકડે. તે પિતામહ હોય. પરમેશ્વર પોતે હોય. તેની સાથે યુદ્ધ કરવું.

(A) તો, કે, તો પણ
(B) કે, તો, તોપણ
(C) અને, જ્યાં, માટે
(D) એટલે, તેથી, તો

092. ખોટી જોડણી શોધો.

(A) પૌર્વાપર્ય
(B) કુત્સિત
(C) બિભીષિકા
(D) નૈમિતિક

093. શબ્દકોશ પ્રમાણે સાચો ક્રમ દર્શાવતો વિકલ્પ શોધો.

(A) વૈચારિક, વૈતનિક, વૈદિક, વૈષ્ણવ
(B) વૈષ્ણવ, વૈદિક, વૈતનિક, વૈચારિક
(C) વૈદિક, વૈષ્ણવ, વૈચારિક, વૈતનિક
(D) વૈતનિક, વૈચારિક, વૈષ્ણવ, વૈદિક

094. નીચે દર્શાવેલ જોડકાં યોગ્ય રીતે જોડો.

| | |
|---|---|
| (a) ચિદાત્માની સંજ્ઞા કુદરત પ્રભુની પ્રતિકૃતિ | (a) સવૈયા છંદ |
| (b) દેવો ને માનવોનાં મધુમિલન તણા સ્થાન સંકેત જેવો | (b) સ્ત્રગ્ધરા છંદ |
| (c) હીરાની કણિકા સમાન ઝળકે, તારા ઝગારે ગ્રહો | (c) શિખરિણી છંદ |
| (d) "આકાશે સંધ્યા ખીલી'તી માથે સાતમ કેરો ચાંદ | (d) શાર્દૂલ વિક્રીડિત છંદ |

(A) a-2, c-4, b-3, d-1
(B) c-4, a-1, b-2, d-3
(C) b-2, d-4, c-1, a-3
(D) d-1, c-4, b-2, a-3

095. નીચેના શબ્દના સાચી રીતે છૂટા પાડેલ સ્વર-વ્યંજનો (ધ્વનિશ્રેણી) વિકલ્પમાંથી શોધો.
આધ્યાત્મિક

(A) આ + ધ્ + ય્ + આ + ત્ + મ્ + ઈ + ક્ + અ
(B) અ + અ + ધ્ + ય્ + અ + ત્ + મ્ + ઈ + ક્ + અ
(C) અ + અ + ધ્ + અ + ય્ + આ + ત્ + મ્ + ઈ + ક્ + અ
(D) આ + ધ્ + ય્ + અ + અ + ત્ + અ + મ્ + ઈ + ક્ + અ



Scanned by CamScanner

096. રાજ્યોને ફાળે આવતી લોકસભાની બેઠકોની અને દરેક રાજ્યના પ્રાદેશિક મતદાર મંડળોમાં વિભાજનની ફેરગોઠવણી ક્યારે કરવામાં આવે છે?

(A) સંસદના બન્ને ગૃહો ફેરગોઠવણીનો ઠરાવ પસાર કરે ત્યારબાદ
(B) દરેક 20 વર્ષ બાદ
(C) દરેક વસતી ગણતરી પૂરી થયા બાદ
(D) રાષ્ટ્રપતિ સંસદના ઠરાવ બાદ જાહેરનામું બહાર પાડે ત્યારબાદ

097. 'કાયદાથી મળેલા અધિકાર સિવાય, કોઈ કર નાખી શકાશે નહિ કે વસૂલ કરી શકાશે નહિ.' ભારતીય સંવિધાનમાં આ પ્રકારની જોગવાઈ કરવામાં આવેલ છે. આ આર્ટિકલ જણાવો.

(A) આર્ટિકલ - 270
(B) આર્ટિકલ - 247
(C) આર્ટિકલ - 265
(D) સંવિધાનમાં આવી કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી.

098. સંસદના કોઈપણ સભ્યને સંસદના સત્ર પહેલાં અને પછીંના કેટલા દિવસ દરમિયાન દીવાની અદાલતની કાર્યવાહી માટે ધરપકડથી મુક્તિ આપવામાં આવી છે?

(A) 40 દિવસ
(B) 30 દિવસ
(C) 45 દિવસ
(D) આવો કોઈ વિશેષાધિકાર નથી

099. આ વિધેયક રાજ્યસભામાં રજૂ કરી શકાતું નથી.

(A) સંરક્ષણ વિધેયક
(B) પક્ષાંતર વિધેયક
(C) નીતિ વિષયક વિધેયક
(D) નાણાં વિધેયક

100. ભારતીય સંવિધાનના ક્યા આર્ટિકલ અન્વયે રાષ્ટ્રપતિ સામે મહાભિયોગની કાર્યરીતિ અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે?

(A) આર્ટિકલ - 61
(B) આર્ટિકલ - 57
(C) આર્ટિકલ - 63
(D) આર્ટિકલ - 64

101. Give antonym of:
'Plaintiff'

(A) Complainant
(B) Suer
(C) Acused
(D) Defendant



Scanned by CamScanner

102. Give noun form of :
'Gird'

(A) Girdar
(B) Girth
(C) Gurder
(D) Girdthe

103. Give adjective form of 'Heal'. (Generally used for old people)

(A) Healthily
(B) Hell
(C) Hale
(D) Haelthy

104. Give past participle form of :
'Beseech'

(A) beseeched
(B) besought
(C) both (A) and (B)
(D) besoght

105. Change the gender of :
'Duck'

(A) Dutch
(B) Duke
(C) Drake
(D) Dukling

106. જો કોષના માધ્યમ કરતાં પાણીનું સંકેન્દ્રણ બહારની તરફ ઓછું હોય, તો એટલે કે બહાર સંકેન્દ્રિત માધ્યમ ધરાવતું દ્રાવણ હોય તો કોષ આસૃતિ દ્વારા પાણી ગુમાવે છે. આવા દ્રાવણને .................... દ્રાવણ તરીકે ઓળખવામાં આવે છે.

(A) હાઈપ્લેટોનીક
(B) હાઈપરટોનીક
(C) ઓઈસોટોનીક
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

107. રિયો પેરાલિમ્પિક્સમાં મેડલ પ્રાપ્ત કરનાર ક્યા ભારતીય ખેલાડીને તાજેતરમાં 'રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા?

(A) પી. વી. સિંધુ
(B) બજરંગ પૂનિયા
(C) દીપા મલિક
(D) પૂનમ યાદવ



Scanned by CamScanner

108. યોગ્ય જોડકા જોડો.

| | | | |
|---|---|---|---|
| 1. | એલ્યુમિનિયમ | P. | વિદ્યુતીય કોષ બનાવવા |
| 2. | કોપર | Q. | રમકડાં બનાવવા |
| 3. | આયર્ન | R. | રેસ માટેની મોટરનાં સાધનો બનાવવાં |
| 4. | ઝિંક | S. | ચલણી સિક્કા બનાવવા |
| | | T. | માપવા માટેની ટેપ |

(A) 1-T, 2-S,P, 3-Q, 4-R,P
(B) 1-S,T, 2-T,P, 3-P, 4-R
(C) 1-Q,S, 2-S, 3-Q,T, 4-P
(D) 1-Q, 2-P,T, 3-T, 4-R,S

109. છાપેલી કિંમત ઉપર 15% વળતર આપવા છતાં વેપારીને 20% નફો મળે છે. તો રૂા. 170 માં ખરીદેલી વસ્તુ પર વેપારીએ શી કિંમત છાપી હશે?

(A) રૂા. 120
(B) રૂા. 204
(C) રૂા. 240
(D) રૂા. 190

110. તાજેતરમાં ભારતની વેસ્ટર્ન ઝોન કાઉન્સિલની બેઠકનું આયોજન કરવામાં આવ્યું. આ બેઠક ક્યા સ્થળે યોજાઈ?

(A) દાદરા
(B) સેલવાસ
(C) પણજી
(D) દીવ

111. કમ્પ્યૂટરની મૅમરી સંગ્રહક્ષમતાના માપને યોગ્ય રીતે જોડો.

| | A | | B |
|---|---|---|---|
| (1) | 1024 Bytes | (A) | 1 KB |
| (2) | 1024 Kilobytes | (B) | 1 MB |
| (3) | 1024 Megabytes | (C) | 1 GB |
| (4) | 1024 Gigabytes | (D) | 1 TB |

(A) 1-A, 2-B, 3-C, 4-D
(B) 1-B, 2-C, 3-D, 4-A
(C) 1-C, 2-D, 3-A, 4-B
(D) 1-D, 2-A, 3-B, 4-C

112. MS Excel ના કોઈ સેલમાં Current Date ઉમેરવા માટે કઈ શોર્ટકટ કીનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) Ctrl + :
(B) Ctrl + ;
(C) Ctrl + .
(D) Ctrl + ,

113. સૌપ્રથમ વેબબ્રાઉઝરની રચના કોણે કરી હતી?

(A) ટીમ બર્નર્સ લી
(B) બિલ ગેટ્સ
(C) રિચાર્ડ સ્ટોલમૅન
(D) સૅમ્યોર પર્પેટ



Scanned by CamScanner

114. કમ્પ્યૂટર સિસ્ટમ કે નેટવર્કને સ્થગિત કરીને તેને નિરુપયોગી બનાવી દેવાના આક્રમણને શું કહે છે?

(A) ડેનિયલ ઑફ સર્વિસ
(B) સાયબર જંગાલિયાત
(C) સ્નિફિંગ
(D) દૂષિત કોડ

115. MS Power Point માં Speaker Notes ઉમેરવા માટે ક્યા વ્યૂનો ઉપયોગ કરવામાં આવે છે?

(A) Speaker Notes view
(B) Notes Page view
(C) Comment Notes view
(D) Action Page view

116. યોગ્ય જોડકા જોડો.

(a) ગ્રામ પંચાયતોની રચના — (1) આર્ટિકલ - 170
(b) રાજ્યના એડવોકેટ જનરલ — (2) આર્ટિકલ - 280
(c) વિધાનસભાઓની રચના — (3) આર્ટિકલ - 40
(d) નાણાં કમીશન — (4) આર્ટિકલ - 165

(A) b - 4, a - 3, c - 1, d - 2
(B) a - 4, c - 1, d - 2, b - 3
(C) d - 4, a - 3, b - 2, c - 1
(D) c - 2, b - 4, a - 3, d - 1

117. 1971માં 'ક્રિમીલેયર' શબ્દ કઇ સમિતિ દ્વારા દાખલ કરવામાં આવ્યો?

(A) રંગનાથન સમિતિ
(B) રામનંદન સમિતિ
(C) સત્તાનાથન સમિતિ
(D) કૃષ્ણસ્વામી ઐયર સમિતિ

118. રાજ્યમાં પંચાયતોની રચનાની જોગવાઈ ભારતીય સંવિધાનના ક્યા આર્ટિકલમાં કરવામાં આવેલ છે?

(A) આર્ટિકલ - 249 (ક)
(B) આર્ટિકલ - 243 (ખ)
(C) આર્ટિકલ - 243 (ગ)
(D) આર્ટિકલ - 243 (ઘ)

119. ભારતના વર્તમાન લોકપાલનું નામ જણાવો.

(A) પ્રદિપકુમાર મોહન્તિ
(B) દિલીપ બી. ભોંસલે
(C) પીનાકી ચંદ્ર ઘોષ
(D) અજયકુમાર ત્રિપાઠી

120. ભારતીય સંવિધાનની જોગવાઈ અન્વયે રાજ્યની વિધાન પરિષદમાં સભ્યોની કુલ સંખ્યા કોઈપણ સંજોગોમાં ઓછામાં ઓછી કેટલી હોવી જોઈએ?

(A) 40
(B) 55
(C) 70
(D) બંધારણમાં આવી કોઇ જોગવાઈ નથી


Scanned by CamScanner

121. ગિરનાર પર્વતમાંથી નીકળતી સુવર્ણસિકતા અને પલાસિની નદીઓનાં વહેણ આગળ બંધ બાંધી 'સુદર્શન તળાવ' નું નિર્માણ કોના દ્વારા કરવામાં આવ્યું હતું?

(A) વિષ્ણુગુપ્ત
(B) સમુદ્રગુપ્ત
(C) પુષ્યગુપ્ત
(D) કુમારગુપ્ત

122. એક લોકવાયકા મુજબ કૌરવકુળનો નાશ કરી પાપમુક્ત થવા ધજા લઈને નીકળેલા પાંડવો ગુજરાતના આ પવિત્ર ધામમાં આવી પૂજન - અર્ચન કરી દોષમુક્ત થયા. પ્રતિવર્ષ આ સ્થળે ભરાતા મેળાનું નામ જણાવો.

(A) ઘેડનો મેળો
(B) નકળંગનો મેળો
(C) તરણેતરનો મેળો
(D) ભવનાથનો મેળો

123. સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે બ્રિટીશ સરકારે હરિજનોને અલગ મતાધિકાર આપવાની કુચેષ્ટા કરી હતી. આ સમયે ડૉ. આંબેડકર, સરદાર પટેલ વગેરેએ આ બાબતે વાટાઘાટો કરી દલિત વર્ગો માટે સમાધાન કરી અમુક બેઠકો નક્કી કરાઈ. આ સમાધાન ક્યા મુકામે થયું?

(A) મુંબઈ
(B) કલકત્તા
(C) પુના
(D) હૈદરાબાદ

124. ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલને ભારત સરકાર દ્વારા ક્યા વર્ષમાં 'ભારત રત્ન' (મરણોત્તર) તરીકે નવાજિત કરવામાં આવ્યા હતા?

(A) 1991
(B) 1965
(C) 1963
(D) 1975

125. પૌરાણિક કથા મુજબ સાબરકાંઠા જિલ્લામાં ભરાતો ચિત્ર-વિચિત્ર મેળો એ ક્યા રાજાના બે પુત્રોના નામ સાથે જોડાયેલ છે?

(A) દેવવ્રત
(B) શાંતનુ
(C) સિદ્ધરાજ
(D) ભીમદેવ

126. પૃથ્વીની વિષુવવૃત્તિય ત્રિજ્યા અને ધ્રુવીય ત્રિજ્યા વચ્ચે આશરે .......... માઈલનો તફાવત છે.

(A) 22
(B) 17
(C) 13
(D) 3950



Scanned by CamScanner

127. પાસ થવા માટે 30% ગુણની જરૂર છે. એક વિદ્યાર્થી 27% ગુણ મેળવે છે અને 9 માર્ક્સથી નપાસ થાય છે. તો પરીક્ષા કેટલા ગુણની હશે?

(A) 300
(B) 270
(C) 900
(D) 350

128. પૂર્વ કેન્દ્રિય મંત્રી અરૂણ જેટલીનું નામ ક્યા ક્રિકેટ મેદાનના નામના સ્થાને બદલવામાં આવેલ છે?

(A) ગ્રીન પાર્ક સ્ટેડિયમ
(B) ઈડન ગાર્ડન
(C) બારાબતી સ્ટેડિયમ
(D) ફિરોઝશાહ કોટલા

129. ક્યું વિધાન પ્રોટિયમ, ડ્યુટેરિયમ અને ટ્રિટિયમ માટે સાચું નથી?

(A) તેઓ એકબીજાના સમસ્થાનિકો છે.
(B) તેઓમાં ન્યુક્લિઓન્સ અનુક્રમે 1, 2 અને 3 છે.
(C) તેઓ સમાન ઈલેક્ટ્રોન રચના ધરાવતા હોવાથી તેમના ભૌતિક ગુણધર્મ સમાન છે.
(D) કુદરતમાં તેઓની સાપેક્ષ પ્રચુરતા (%) 99.98 : 0.0516 : $10^{-15}$

130. એક રકમ ચક્રવૃદ્ધિ વ્યાજે 3 વર્ષમાં અને 2 વર્ષમાં 21 : 20 ના પ્રમાણમાં થાય છે. તો વ્યાજનો દર કેટલો?

(A) 3%
(B) 6%
(C) 5%
(D) 7%

131. નીચે જણાવેલ શબ્દસમૂહ માટે એક શબ્દનો સાચો વિકલ્પ પસંદ કરો.
'ગૂંથેલ દોરાનો ધાબળો'

(A) ખચિત
(B) સરેણ
(C) કવન
(D) આભરિયું

132. પ્રથમ ચરણમાં = 13 માત્રા અને બીજા ચરણમાં = 11 માત્રા ક્યા છંદમાં છે?

(A) હરિગીત
(B) ચોપાઈ
(C) ઝૂલણા
(D) દોહરો

133. અલંકારનો પ્રકાર વિકલ્પમાંથી શોધો.
એક જ શબ્દના બે અર્થ નીકળતા હોય ત્યારે ક્યા અલંકાર તરિકે ઓળખાય છે?

(A) યમક
(B) શ્લેષ
(C) રૂપક.
(D) અનન્વય



Scanned by CamScanner

134. નીચે આપેલ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ જણાવો.
'નિપાત'

(A) આશ્ચર્ય પમાડે તે
(B) ચપટી વગાડવી તે
(C) જેનું મૂળ હોય તેવો શબ્દ
(D) પાંદડા વગરનું હોય તે

135. નીચે આપેલા અર્થભેદ : શબ્દભેદમાંથી ખોટો વિકલ્પ શોધો.

(A) પુષ્ટ-પાતળું
(B) પૃષ્ઠ-પીઠ
(C) પ્રસાદ-કૃપા
(D) પ્રાસાદ-મહેલ

136. ભારતીય સંવિધાનના ક્યા આર્ટિકલ અંતર્ગત ભારતના એટર્ની જનરલની નિમણૂંક કરવામાં આવે છે?

(A) આર્ટિકલ - 70
(B) આર્ટિકલ - 74
(C) આર્ટિકલ - 76
(D) આર્ટિકલ - 72

137. ભારતીય બંધારણની જોગવાઈ મુજબ ગૃહ (રાજ્યસભા કે લોકસભા) ના કોરમ માટે ગૃહના સભ્યોની કુલ સંખ્યાના કેટલા સભ્યોની હાજરી હોવી જરૂરી છે?

(A) 1/20
(B) 1/4
(C) 1/10
(D) 1/3

138. બેઠકો અનામત રાખવાનું અને ખાસ પ્રતિનિધિત્વ આપવાનું (સીત્તેર) વર્ષ પછી બંધ કરવા બાબતનો ઉલ્લેખ ભારતીય સંવિધાનના ક્યા આર્ટિકલમાં કરવામાં આવ્યો છે?

(A) આર્ટિકલ - 336
(B) આર્ટિકલ - 334
(C) આર્ટિકલ - 337
(D) આર્ટિકલ - 339

139. ભારતીય સંવિધાનની જોગવાઈ અનુસાર કોઈ રાજ્યના રાજ્યપાલને તે રાજ્યની લગોલગ આવેલા કોઈ સંઘ રાજ્યક્ષેત્રના વહીવટકર્તા તરીકે નીમવાની સત્તા કોને આપવામાં આવેલ છે?

(A) કેન્દ્રિય કેબીનેટ
(B) રાષ્ટ્રપતિ
(C) લોકસભા
(D) રાજ્યસભા

140. રાષ્ટ્રપતિ જ્યારે કોઈ વિધેયકને કોઈપણ નિર્ણય લીધા સિવાય લાંબા સમય સુધી પોતાની પાસે મૂકી રાખે તો તે સત્તાને ક્યા નામથી ઓળખવામાં આવે છે?

(A) સેન્ટર વીટો
(B) પૉકેટ વીટો
(C) પ્રેસીડેન્શ્યલ વીટો
(D) સ્પેન્સર્સ વીટો



Scanned by CamScanner

141. Find out the corret word for:
'That cannot be understood'.
(A) Incomprehensible
(B) Incomprancible
(C) Uncomprihensible
(D) Incomprencible

142. Find the adverb in the following sentence:
If you walk backwards, you may trip and fall.
(A) backwards
(B) may
(C) If
(D) fall

143. Change the voice:
It was high time to remove the Article - 370
(A) King time was there to be removed Article - 370
(B) It was to be high time to remove Article - 370
(C) It was high time for the Article - 370 to be removed.
(D) Article - 370 was to be remove at high time.

144. Change into Indirect speech:
They said, 'Alas ! He is dead'.
(A) They asked if he is dead
(B) They exclaimed sadly that he was dead.
(C) They told wheather he was dead.
(D) They asked joyfully if he was really dead.

145. Change the degree:
Mohan is not the best student
(A) Some students are at least as good as Mohan
(B) Mohan is better than any other student
(C) No other student is as good as Mohan
(D) Many students are bester than Mohan

146. પર્યાવરણની જાળવણીના હેતુસર અમદાવાદ ખાતે કેન્દ્રિય ગૃહમંત્રી અમીતભાઈ શાહના વરદ્હસ્તે તાજેતરમાં ક્યુ કાર્ય સંપન્ન કરવામાં આવ્યું?
(A) મિશન મિલિયન ટ્રીઝ અભિયાનનું સમાપન
(B) અત્યાધુનિક યુરો-4 સી. એન. જી. બસોની અર્પણવિધિ
(C) ગાંધીનગર ખાતે આઈ. ટી. ના વિદ્યાર્થીઓનો પદવીદાન સમારંભ
(D) ઉપરોક્ત તમામ



Scanned by CamScanner

147. કમ્પ્યુટેડ ટોમોગ્રાફી (CT સ્કેન) માં ક્યા કિરણોનો ઉપયોગ થાય છે?
(A) આલ્ફા કિરણો
(B) બીટા કિરણો
(C) UV કિરણો
(D) ક્ષ-કિરણો

148. એક નળથી ટાંકી ભરાતા 6 કલાક લાગે છે. અડધી ટાંકી ભરાયા બાદ આવા અન્ય 3 નળ ખોલવામાં આવે છે. તો ટાંકી ભરાતા કેટલો સમય લાગશે?
(A) 3 કલાક 45 મિનિટ
(B) 2 કલાક 45 મિનિટ
(C) 2 કલાક
(D) 3 કલાક

149. તેલંગણાના નવનિયુક્ત રાજ્યપાલનું નામ જણાવો.
(A) બી. બી. હરિચંદન
(B) ઈ. એલ. નરસિંમ્હન
(C) ટી. સૌંદરરાજન
(D) અનસુઈયા પુઈકે

150. આપણા મગજમાં ધ્વનિની સંવેદના લગભગ કેટલા સમય માટે રહે છે?
(A) 0.1 સેકન્ડ
(B) 0.2 મિનિટ
(C) 10 સેકન્ડ
(D) 0.25 સેકન્ડ

151. કમ્પ્યૂટરમાં એક ભાષામાંથી બીજી ભાષામાં રૂપાંતર કરવા માટેના TBIL Converter માં TBIL નું પુરું નામ શું છે?
(A) Translate Between Indian Language
(B) Transform Between Indian Languages
(C) Translation Between Indian Languages
(D) Transliteration Between Indian Language

152. MS Word માં લખાણને Change Case હેઠળ બદલવાના કુલ કેટલા વિકલ્પો ઉપલબ્ધ છે?
(A) 3
(B) 4
(C) 5
(D) 6

153. ASCII નું પૂરું નામ શું છે?
(A) American Standard Code for Information Interchange
(B) American Standard Code for Interchange Information
(C) American Standard Code for International Information
(D) American Standard Code for Information International



Scanned by CamScanner

154. નીચેનામાંથી ક્યો વિકલ્પ MS Excelમાં Chart નો પ્રકાર દર્શાવતો નથી?
(A) Bubble
(B) Pie
(C) Column
(D) Row

155. MS Power Pointમાં સ્લાઈડનો ક્રમ બદલવા માટે ક્યા વ્યૂનો ઉપયોગ કરવામાં આવે છે?
(A) Normal view
(B) Slide Show view
(C) Notes Page view
(D) Slide Sorter view

156. રાજ્ય સરકાર દ્વારા કલેક્ટરની નિમણૂંક ક્યા ધારા અંતર્ગત કરવામાં આવે છે?
(A) જમીન મહેસૂલ ધારો - 1891
(B) જમીન મહેસૂલ ધારો - 1873
(C) જમીન મહેસૂલ ધારો - 1883
(D) જમીન મહેસૂલ ધારો - 1879

157. ભારતીય સંવિધાનના ક્યા આર્ટિકલ અંતર્ગત સંસદની રચના કરવામાં આવે છે?
(A) આર્ટિકલ - 73
(B) આર્ટિકલ - 75
(C) આર્ટિકલ - 78
(D) આર્ટિકલ - 79

158. ભારતીય બંધારણના આર્ટિકલ - 83 અંતર્ગત રાજ્યસભાના સભ્યો નિવૃત્ત થવાની જોગવાઈ ક્યા પ્રકારે કરવામાં આવેલ છે?
(A) રાજ્યસભાના 1/3 સભ્યો પ્રતિવર્ષ નિવૃત્ત થશે.
(B) રાજ્યસભાના 2/3 સભ્યો પ્રતિવર્ષ નિવૃત્ત થશે.
(C) રાજ્યસભાના 1/3 સભ્યો દર બે વર્ષે નિવૃત્ત થશે.
(D) રાજ્યસભાના 2/3 સભ્યો દર બે વર્ષે નિવૃત્ત થશે.

159. બંધારણ દ્વારા ભારતમાં કુલ કેટલી ભાષાઓને આઠમી અનુસૂચિ અન્વયે માન્યતા આપવામાં આવેલ છે?
(A) 23
(B) 22
(C) 19
(D) 20

160. વિધાનમંડળમાં વાપરવાની ભાષા અંગેની સ્પષ્ટતા ભારતીય સંવિધાનના ક્યા આર્ટિકલ અંતર્ગત કરવામાં આવેલ છે?
(A) આર્ટિકલ - 198
(B) આર્ટિકલ - 199
(C) આર્ટિકલ - 210
(D) આર્ટિકલ - 214



Scanned by CamScanner

161. ભારતની પાર્લામેન્ટે ભાષાકીય ધોરણે રાજ્યોની પુનઃરચના કરી, મુંબઈ અને વિદર્ભના બેરાજ્યોને એક કરીને 'સ્ટેટ ઓફ બોમ્બે' તરીકેનું અસ્તિત્વ સ્થાપ્યું. આ બનાવ વર્ષ જણાવો.

(A) 1956
(B) 1954
(C) 1952
(D) 1950

162. સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે 1942ની 8મી ઓગષ્ટે ગુજરાત કોલેજ છાત્રાલયમાં એકઠા થયેલ વિદ્યાર્થીઓને લડત માટે તૈયાર રહેવા કોના દ્વારા હાકલ કરવામાં આવી હતી?

(A) રમણિકલાલ શાહ
(B) ઈન્દુલાલ યાજ્ઞિક
(C) રવિશંકર મહારાજ
(D) ચીનુભાઈ બેરોનેટ

163. ક્યા બે ગઢ જીતવાને કારણે મહંમદ શાહ બીજો મહંમદ બેગડો કહેવાયો?

(A) હમીરગઢ, જૂનાગઢ
(B) સોનગઢ, પાવાગઢ
(C) જૂનાગઢ, પાવાગઢ
(D) હમીરગઢ, સોનગઢ

164. ક્યા મહાનુભાવને ગુજરાત રાજ્યના અધ્યક્ષ થવાનું સૌભાગ્ય બે વખત સાંપડ્યું છે?

(A) મનુભાઈ પાલખીવાલા
(B) કુંદનલાલ ધોળકીયા
(C) શશીકાંત લાખાણી
(D) નટવરલાલ શાહ

165. ગોવર્ધનરામ, નરસિંહરાવ, આનંદશંકર વગેરે જેવા દિગ્ગજ સાહિત્યકારોથી વિભૂષિત 1880 થી 1920 સુધીનો સમયપટ ક્યા નામથી ઓળખાવાયો?

(A) પંડિત યુગ
(B) સાહિત્ય યુગ
(C) મૂર્ધન્ય યુગ
(D) પ્રહરી યુગ

166. 20 લીટરના એક મિશ્રણમાં દૂધ અને પાણીનું પ્રમાણ 3 : 1 છે. કેટલા લીટર દૂધ ઉમેરવાથી આ મિશ્રણનું પ્રમાણ 4 : 1 થાય?

(A) 6 લીટર
(B) 4 લીટર
(C) 3 લીટર
(D) 5 લીટર

167. ગુજરાત હાઈકોર્ટના વર્તમાન મુખ્ય ન્યાયાધિશનું નામ જણાવો.

(A) કે. એસ. પનીકર રામકીશ્નન
(B) આર. સુભાષ રેડ્ડી
(C) વિક્રમ નાથ
(D) અનંત દવે



Scanned by CamScanner

168. બે સમતલ અરિસા વચ્ચે ................ ખૂણો રાખવો જાઈએ કે જેથી બન્ને અરિસા માટે આપાતકિરણ અને પરાવર્તીતકિરણ એકબીજાને સમાંતર રહે.
(A) 90°
(B) 30°
(C) 45°
(D) 60°

169. કોઈ એક રકમનું 5 ટકા પ્રમાણે 3 વર્ષ અને 4 વર્ષના વ્યાજનો તફાવત રૂા. 42 છે. તો મુદ્દલ કેટલું હશે?
(A) રૂા. 840
(B) રૂા. 820
(C) રૂા. 800
(D) રૂા. 860

170. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રિન્સીપાલ એડવાઈઝર તરીકે કોની નિમણૂંક કરવામાં આવી છે?
(A) પ્રદિપકુમાર સિંહા
(B) અતાનુ ચક્રવર્તી
(C) પી.કે. મિશ્રા
(D) હસમુખ અઢીયા

171. નીચે આપેલ કહેવતનો સાચા અર્થવાળો વિકલ્પ શોધો.
બાર ભૈયાને તેર ચોકા
(A) શક્તિશાળી હોય તેને વધુ લાભ મળે
(B) જૂથ નાનું હોય પણ મતભેદ ઘણાં હોય
(C) મર્યાદિત સાધનોથી સુંદર કામ થવું
(D) સુમેળના અભાવે કામ સિદ્ધ ન થાય

172. રેખાંકિત પદનો કૃદંતનો પ્રકાર શોધી જણાવો.
કાળુએ ન <u>બોલવાના</u> સોગન ખાધા હતા.
(A) વર્તમાનકૃદંત
(B) સંબંધક ભૂતકૃદંત
(C) ભવિષ્યકૃદંત
(D) સામાન્યકૃદંત

173. નીચે જણાવેલ શબ્દનો અર્થ (શબ્દ-સમજૂતી) દર્શાવો.
'થેપાડું'
(A) જાડું સુતરાઉ કોરનું ધોતિયું
(B) કાણ સમયે માથે મૂકવાનું સફેદ વસ્ત્ર
(C) હાથથી સીવેલી બાળકને સુવાડવાની ગોદડી
(D) ગામઠી લોકોને ખભે રાખવાનું જાડું વસ્ત્ર


Scanned by CamScanner

174. નીચે આપેલ વાક્યમાંથી રેખાંકિત ક્રિયાવિશેષણનો પ્રકાર જણાવો.
હું ઝડપથી ત્યાં પહોંચી ગયો.
(A) કારણવાચક
(B) રીતવાચક
(C) સ્થળવાચક
(D) અભિગમવાચક

175. નીચેનામાંથી ક્યા અલંકારમાં ઉપમેયને જ ઉપમાન તરીકે દર્શાવવામાં આવે છે?
(A) અનન્વય
(B) આંતરપ્રાસ
(C) વ્યતિરેક
(D) રૂપક

176. ભારતીય સંવિધાનના 61મા સુધારા અંતર્ગત પુખ્ત મતદાતાની વયમર્યાદા 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવેલ છે. આ સુધારો ક્યા વર્ષથી અમલમાં મૂકવામાં આવેલ છે?
(A) 1990
(B) 1989
(C) 1988
(D) 1993

177. ભારતની લોકસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષની શપથવિધિ કોના દ્વારા કરાવવામાં આવે છે?
(A) રાષ્ટ્રપતિ
(B) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ
(C) ઉપરાષ્ટ્રપતિ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

178. સર્વોચ્ચ અદાલતની સ્થાપના અને રચના ભારતીય સંવિધાનના ક્યા આર્ટિકલ અંતર્ગત કરવામાં આવે છે?
(A) આર્ટિકલ - 128
(B) આર્ટિકલ - 117
(C) આર્ટિકલ - 124
(D) આર્ટિકલ - 120

179. ભારતીય બંધારણ અનુસાર લોકસભા સત્રની બે બેઠકો વચ્ચેનો ગાળો કેટલા માસથી વધવો જોઈએ નહીં?
(A) છ માસ
(B) એક વર્ષ
(C) નવ માસ
(D) 200 દિવસ

180. 1986માં ભારત સરકાર દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓના પુનરોદ્ધાર માટે કઈ સમિતિની રચના કરવામાં આવી હતી?
(A) જી.વી.કે. રાવ સમિતિ
(B) અશોક મહીડા સમિતિ
(C) બળવંતરાય મહેતા સમિતિ
(D) એલ.એમ. સિંઘવી સમિતિ



Scanned by CamScanner

**181.** Put proper question tag.
India, our mother land is great, ................
(A) is it ?
(B) isn't it true ?
(C) is she ?
(D) isn't she ?

**182.** Fill in the blank :
Then we pondered over ............... we should go next.
(A) while
(B) their
(C) whither
(D) what


**183.** Fill in the blank :
................ does Parliament derive this power ?
(A) What
(B) Hither
(C) Which
(D) Whence

**184.** Fill in the blank :
They were planning to drive on into Nepal and ......... home via Delhi.
(A) theirs
(B) than
(C) there
(D) thence

**185.** Fill in the blank :
Pointing to a shop at the end of the street, the father said to the children, "Let's go ............... to the ice-cream shop."
(A) thither
(B) wither
(C) their
(D) here

**186.** જર્મન સિલ્વરમાં સિલ્વરનું ટકાવાર પ્રમાણ જણાવો.
(A) 0 %
(B) 1 %
(C) 5 %
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

**187.** A, B, C, D પ્રશ્ન આકૃતિઓ આપેલ છે. જે કોઈ ખાસ ગુણધર્મથી ક્રમિક બદલાય છે. બાજુમાં આપેલ 1, 2, 3, 4 જવાબ આકૃતિઓમાંથી કઈ આકૃતિ તે ગુણધર્મ જાળવી રાખે છે તે જણાવો.




(A) 1
(B) 2
(C) 3
(D) 4



Scanned by CamScanner

188. ભારત સરકાર દ્વારા ગુજરાત ખાતે તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ એવી કઇ સંસ્થા સ્થાપવાની ઘોષણા કરવામાં આવેલ છે ?
(A) સેન્ટ્રલ રેલ એન્ડ એવીએશન ઈન્સ્ટીટ્યુટ
(B) સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ફોર એન્વાયરમેન્ટ એન્ડ વોટર કોન્ઝર્વેશન ટેક્નોલોજી
(C) સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમીકલ એન્જીનીયરીંગ એન્ડ ટેક્નોલોજી
(D) સેન્ટ્રલ ટેક્નીકલ ઈન્સ્ટીટ્યુટ ફોર સ્પેસ એન્ડ એવીએશન

189. બે પ્રવાહી 'X' અને 'Y' ના ઉત્કલનબિંદુમાં 40 K નો તફાવત છે, તો તેમના ઉત્કલનબિંદુમાં કેટલા ફેરનહિટનો તફાવત હશે?
(A) 72° F
(B) 104° F
(C) 40° F
(D) 345° F

190. તાજેતરમાં સંયુક્ત જળ વ્યવસ્થાપન આંક (Composite Water Management Index) બાબતે ગુજરાત રાજ્યને 2017-18 ના વર્ષ માટે ભારતમાં પ્રથમ ક્રમ આપવામાં આવ્યો. આ જાહેરાત કોના દ્વારા કરવામાં આવી ?
(A) કૃષી આયોગ
(B) જળ સંવર્ધન આયોગ
(C) પર્યાવરણ આયોગ
(D) નીતિ આયોગ

191. MS Word માં પેરેગ્રાફના પ્રથમ અક્ષરને અમુક લાઈન જેટલાં મોટાં કદમાં દર્શાવવા માટે કઈ સુવિધા ઉપલબ્ધ છે?
(A) Auto Cap
(B) Word Cap
(C) Make Cap
(D) Drop Cap

192. MS PowerPoint માં ફક્ત લખાણ પ્રકારની માહિતી દર્શાવવા માટે ક્યા ટેબને પસંદ કરવામાં આવે છે?
(A) Slides
(B) Text
(C) Outline
(D) Task

193. કમ્પ્યૂટર મેમરી RAM અને ROM બાબતે નીચેના પૈકી ક્યા વિધાનો સાચાં છે?
(a) RAM એટલે રેન્ડમ એક્સેસ મેમરી અને ROM એટલે રેન્ડમ ઓન્લિ મેમરી.
(b) RAM કમ્પ્યૂટરમાંથી વાંચવા અને લખવાની, જ્યારે ROM ફક્ત વાંચવાની સુવિધા આપે છે.
(c) RAM ના પ્રકાર SRAM અને DRAM છે, જ્યારે ROM ના પ્રકાર PROM, EPROM, EEPROM છે.
(d) RAM સ્થાયી મેમરી છે, જ્યારે ROM અસ્થાયી મેમરી છે.
(A) a, b
(B) b, c
(C) c, d
(D) b, c, d



Scanned by CamScanner

194. કમ્પ્યૂટરની હાર્ડડિસ્કને શેમાં વિભાજીત કરવામાં આવે છે ?
(A) Tracks, Clusters
(B) Sections, Sectors
(C) Tracks, Sectors
(D) Partitions, Clusters

195. MS Excel ના IF ( ) ફંક્શન હેઠળ કુલ કેટલાં પેરામીટર ઉમેરવામાં આવે છે?
(A) 2
(B) 3
(C) 4
(D) 5

196. દાદરા અને નગરહવેલી કેન્દ્રશાસિત પ્રદેશ ક્યા ઉચ્ચ ન્યાયાલયના ક્ષેત્રાધિકારમાં આવે છે?
(A) કલકત્તા ઉચ્ચ ન્યાયાલય
(B) કેરલ ઉચ્ચ ન્યાયાલય
(C) બોમ્બે ઉચ્ચ ન્યાયાલય
(D) મદ્રાસ ઉચ્ચ ન્યાયાલય

197. સંસદ સભ્યોની બનેલી "અનુસૂચિત જાતિ-જનજાતિ કલ્યાણ સમિતિ" અંગે કઇ બાબત સુસંગત નથી ?
(A) સમિતિના અધ્યક્ષ જે-તે ખાતા (અનુસૂચિત જાતિ-જનજાતિ કલ્યાણ વિભાગ) ના મંત્રી હોય છે.
(B) સમિતિની મુદત 1 વર્ષની હોય છે.
(C) સમિતિમાં કુલ 30 સભ્યો હોય છે.
(D) સમિતિમાં 10 સભ્યો રાજ્યસભાના હોય છે.

198. વિધાનસભાની મુદત પાંચ વર્ષની હોય છે. આ મુદત ક્યા દિવસથી ગણવામાં આવે છે?
(A) વિધાનસભાની પ્રથમ બેઠકની નક્કી થયેલ તારીખથી
(B) વિધાનસભાના છેલ્લા ચૂંટણી પરિણામના જાહેરાતના દિવસથી
(C) વિધાનસભાની ચૂંટણી તારીખ (પ્રથમ તબક્કાની) થી
(D) રાજ્યના મુખ્યમંત્રીની નિમણૂંક થાય તે દિવસથી

199. ભારતીય બંધારણના આર્ટિકલ-80 અનુસાર રાજ્યસભામાં સભ્યોની મહત્તમ સંખ્યા જણાવો.
(A) 253
(B) 250
(C) 245
(D) 238

200. રાજ્યના મુખ્યમંત્રીની કામગીરી તથા સત્તા બાબતે ક્યું વિધાન સુસંગત નથી?
(A) મુખ્યમંત્રી મંત્રીમંડળની બેઠકની અધ્યક્ષતા કરે છે.
(B) મુખ્યમંત્રી મંત્રીઓની નિમણૂંક કરે છે.
(C) મુખ્યમંત્રી અન્ય મંત્રીઓને વિવિધ વિભાગોની ફાળવણી કરે છે.
(D) મુખ્યમંત્રી કોઈ મંત્રીને પોતાના પદ પરથી રાજીનામું આપવાનું જણાવી શકે છે.



Scanned by CamScanner